# દ્રાવિડિયન સંસ્કૃતિ પર જૈન ધર્મની અસર

— શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

The Literary History of India ( ભારતનો સાહિત્ય વિષયક ઇતિહાસ ) નામક મિ. ફ્રેયરના ગ્રંથ ઉપરથી સહજ જાણી શકાય છે કે, તામિલ આદિ દક્ષિણની જે ભાષાઓ છે, એમાં ઉચ્ચ વિચાર અને ધ્યેયપ્રગલ્ભતાનાં જે દર્શન થાય છે, એ જૈન ધર્મના એ ભાષા પરના પ્રભાવને આભારી છે. શરૂઆતમાં પશુબલિ દેવામાં, દેવીને કે માતાને સંતુષ્ટ કરવા માટે જીવોનો ઘાત કરવામાં, અથવા તો પિશાચપૂજા જેવી કરણીમાં દ્રાવિડો ધર્મ માનતા હતા; પણ જૈન અને બૌદ્ધ ધર્મના ઉપદેશકોના સંસર્ગમાં આવ્યા પછી એ ધર્મોના ઉદાર વિચારો અને ઉમદા તત્ત્વોએ જનસમૂહમાં સુંદર છાપ બેસાડી. ઉત્તરોત્તર તેનો વિસ્તાર વધતો ગયો અને અમુક કાળે જૈન ધર્મે રાષ્ટ્રધર્મનું અનોખું પદ પ્રાપ્ત કર્યું.

'સિલપ્પદિકારમ્' અને 'મણિમેખલે' નામક બે પ્રસિદ્ધ ગ્રંથોના આધારે વિના સંકોચથી કહી શકાય કે, ઈ. સ. ના બીજા સૈકાથી તામિલ દેશમાં જૈન અને બૌદ્ધ ધર્મ ઠીક ઠીક પાંગરવા માંડયા હતા. એ સંબંધી સંઘરાયેલા તેમાં સંખ્યાબંધ ઉલ્લેખો દૃષ્ટિગોચર થાય છે.

'ચોલ' અને 'પાંડય' વંશના રાજાઓએ 'જૈન ધર્મ' ને સારા પ્રમાણમાં આશ્રય આપેલો છે. 'ચોલ' રાજાઓની રાજધાની 'કવિરિષ્પુમપટ્ટિનમ્' તથા 'ઉરેપુર,' 'મદુરા' આદિ નગરોમાં જૈન મુનિસ્થાનો અથવા ઉપાશ્રયો કે વસતીસ્થાનો હતાં. વળી જૈન આર્યાઓ માટે જુદા આશ્રમો પણ હતા. જૈન મંદિરોમાં અરિહંત પ્રતિમાઓની પૂજા નિયમિત થતી. 'મણિમેખલે' માં દર્શાવાયેલી ઉપરની બાબત ઉપરની તેમ જ મુનિઓ અને આર્યાઓ પણ અહીં વસતી પ્રજામાંથી જ વૈરાગ્ય પામી થયેલાં, એવી નોંધ ઉપલબ્ધ થતી હોવાથી, એ પણ સહજ કલ્પી શકાય છે કે, તામિલ દેશમાં વસતા નરનારી વર્ગમાં જૈન ધર્મના સંસ્કાર ઊંડાં જામેલા હતા અને એની જડ જામવામાં સંખ્યાબંધ વર્ષો વ્યતીત થયાં હતાં. એ કાળમાં રચાયેલા સાહિત્ય ઉપરથી પણ કહી શકાય છે કે, રાજાઓ પરમતસહિષ્ણુ હતા. રાજધર્મ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે ગમે તે ધર્મ થવાનો હોય, છતાં દેશમાં પ્રસરેલા બીજા ધર્મો પ્રત્યે તેમની દૃષ્ટિ સમભાવપૂર્ણ રહેતી. પ્રજા પોતાને રુચે તે ધર્મ પાળવાને સ્વતંત્ર હતી. જુદા જુદા ધર્મોનો અભ્યાસ જિજ્ઞાસા વૃત્તિથી થતો. એમાં સાંપ્રદાયિક બંધનોની ગંધ સરખી જણાતી નહિ. ઈ. સ. ની બીજી સદીથી આરંભી લગભગ અગિયારમી સદી પર્યંત આ પ્રદેશમાં જૈન ધર્મ પ્રચલિત હતો. એ વાતમાં જરા પણ શંકાને સ્થાન નથી. પરંતુ જેમ દરેક બાબતમાં ચડતીપડતીનો કાળ આવે છે, તેમ જૈન ધર્મના પ્રચારમાં પણ બનવા પામ્યું હોય, એ બાબત અસંભવિત ન ગણાય.

તામિલ વાઙમયમાં જે પાંચ મહાકાવ્યો સુપ્રસિદ્ધ મનાય છે, તેમાંના બીજા નંબરના 'નાલદિયાર' ની રચના કલભ્ર રાજાના રાજ્યકાળમાં થયેલી છે. એ રાજવી તરફથી જૈન ધર્મને મોટો રાજ્યાશ્રય મળ્યો હતો; કારણ કે કલભ્ર રાજા વાઙમયનો મહાન ઉપાસક હતો. ઈ. સ. ના પાંચમા સૈકામાં દક્ષિણમાં જૈન ધર્મની પ્રબળતા જોવામાં આવતી હતી. અને જૈન ધર્મ પાંડ્ય દેશનો તો રાષ્ટ્ર ધર્મ બનેલો હતો. ત્યારબાદ લગભગ ત્રણસોથી ચારસો વર્ષો સુધી જૈન ધર્મીઓએ ધર્મપ્રચાર અંગે પ્રબળ પ્રયત્ન કર્યાની નોંધ પ્રાપ્ત થાય છે. તે વેળા, દક્ષિણમાં જૈન ધર્મની ધ્વજા જોરથી ફરકતી હતી. જે લખાણ ઉપલબ્ધ થાય છે, એ જોતાં ઈ. સ. ની ૧૧ મી સદી સુધીમાં જૈન ધર્મ વિરુદ્ધ કોઈ ઈતર ધર્મ આગળ આવ્યો હોય એમ જણાતું નથી. આમ છતાં સત્યને ખાતર એ કહેવું જોઈએ કે, એનાં વિરોધી બીજો એ પૂર્વે દોઢસો બસો વર્ષોમાં વવાવાં શરૂ થયાં હતાં.

' राजमेंहद्रीचा राजा राजनरेंद्र याच्या कारकीर्दींत ( इ. स. १०२२ नंतर ) या द्वेषांकुरास जोराची पालवी फुटत गेली व या पुढील २०० वर्षांत हजारो जैनांचा बळी घेण्या इतका हा विषवृक्ष वाढला । '

કર્ણાટક, તામિલ, અને તેલુગુ ભાષા જ્યાં પ્રચલિત હતી, એવા દક્ષિણના સર્વ પ્રદેશમાં તેમ જ મહારાષ્ટ્રમાં અને કોંકણમાં અગિયારમા સૈકાથી માંડીને આશરે બસો વર્ષોનો સમય જૈન ધર્મ અને જૈનો માટે ઘણો વિષમ ગયો. એ વેળા જૈન સમાજને પોતાની દોલત અને માલ મિલકતનો તો ભોગ આપવો પડયો, પણ જૈન ધર્મ જેવા પોતાના પ્રાણ પ્યારા ધર્મની ટેકને સાચવવા સારુ પ્રાણોની આહુતિ સુદ્ધાં આપવાનો સમય આવ્યો. જો એ કાળે જૈનોએ સમભાવ અને વીરત્વ ન દાખવ્યાં હોત, તો જૈન ધર્મ એ પ્રદેશમાં અસ્ત થઈ થઈ ગયો હોત ! પણ એ વેળા ધર્મને માટે પ્રાણ ન્યોચ્છાવર કરવાનું દીર્ઘદર્શી સાહસ જૈનોએ દાખવ્યું. અનુયાયીઓનું સંખ્યાબળ જો કે ઓછું થયું. છતાં એના સંસ્કાર કાયમ રહ્યા. તેમ જ અનુયાયી વર્ગ પણ નામશેષ ન થઈ ગયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે કાળે, ધર્માંધતાનો જે વાયુ વાયો, તે દ્વારા જે વાતાવરણ સર્જાયું, તે ખરેખર ઇતિહાસને પાને કલંકરૂપ પ્રકરણ છે. એના ઉપર રાજ્યવંશોમાં ચાલતાં પરસ્પરનાં ઈર્ષા અને લોભ એક તરફથી અંકુશરૂપ નીવડ્યાં અને બીજી બાજુએ મુસલમાન આક્રમણકારીઓનું આગમન થતાં સંગઠનની આવશ્યક્તા સામે ડોકિયાં કરી રહી. આ જાતની વિષમ સ્થિતિ ઊભી થવાથી ધાર્મિક અસહિષ્ણુતા ઓગળવા માંડી અને વધુ પ્રમાણમાં વણસી જતી સ્થિતિ સ્થગિત થઈ ગઈ.

આ રીતે, દક્ષિણના પ્રદેશમાં વર્તતી દશાનું વધુ અવલોકન આગળ ઉપર રાખી, એ સંબંધી બોધપાઠ રૂપે તારવણી કરીએ, તો વિના અટકચે કહેવું પડશે કે, ભગવંત શ્રી મહાવીર દેવના ઉમદા અને ઉદાર વચનોનો અમલ કરવામાં તેને આમ જનસમૂહમાં વિસ્તારવામાં તે કાળના શ્રમણ તેમ જ શ્રાદ્ધસંઘે પાછી પાની કરી નથી. જો આ નજર સામેનું સાચું ચિત્ર છે, તો આજે જ્યારે સર્વ પ્રકારની સાનુકૂળતા છે અને રાજકીય દૃષ્ટિએ કોઈ જાતનું જોખમ કે અગવડ નથી, ત્યારે આપણી શ્રી મહાવીર દેવના પુત્રોની શી ફરજ હોઈ શકે ?

એક તો, ત્યાં દૃષ્ટિગોચર થતો અને વિખરાયેલો મૂર્તિ–મંદિરરૂપી વારસો એકત્રિત કરી, તેનો વહીવટ વ્યવસ્થિત કરવારૂપ ફરજ અને બીજી ફરજ, આપણા આત્મશ્રેયકારી સાહિત્યનું, તે તે ભાષાઓમાંથી વિદ્વાનોને હાથે ભાષાંતર કરાવી, વર્તમાનમાં બહુજન સમાજને લાભદાયી તેવી અંગ્રેજી તેમ જ હિંદીમાં અવતરણ કરવાની. વિશેષમાં, એ સાહિત્યની રજૂઆત સુંદર હોવી જોઈએ અને પ્રચારની નજરે એનું મૂલ્ય જેમ બને તેમ સસ્તું હોવું ઘટે. આત્મકલ્યાણ અને ધર્મ પ્રભાવના માટેનો આ ધોરી માર્ગ છે.

* * *

---

संसयं खलुसो कुणई, जो मग्गे कुणई घरं ।
जत्थेव गंतुमिच्छेज्जा तत्थ कुव्वेज्ज आसयं ।।

— श्री उत्तराध्ययन सूत्र

જે પ્રવાસના માર્ગમાં ઘર બનાવે છે, તે (બિચારો) સંદેહમાં પડ્યો છે. (કદાચિત્ મારે અહીંથી જવું ન પડે!) ખરેખર તો જ્યાં જવું છે, ત્યાં જ પોતાનું આશ્રય સ્થાન કરવું જોઈએ.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org